નામ : ગુસાઈ તમન્ના સચિનગીરી

સેમેસ્ટર : coc sem - 1

રોલ નં : 230

PRN NO : COC2025230

વિષય : શૈક્ષણિક મનો. ની અભ્યાસ પદ્ધતિઓ

પેપર કોડ : MJ-EPS-101

પેપર નું નામ : Inclusive Education and Psychological strategies

ઉપડવાં Tamanna S.T.S. ઉપડવાં

**પ્રશ્ન-1** શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે મુલાકાત અને પ્રશ્નાવલી પદ્ધતિનો સવિસ્તાર વર્ણવો.

શૈક્ષણિક મનોવિજ્ઞાન એ મનોવિજ્ઞાનની એવી શાખા છે જેમાં શિક્ષણ - અભ્યાસ પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીના વર્તન, માનસિક પ્રક્રિયા, વિકાસ અને શીખવાની રીતોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે છે.

શૈક્ષણિક મનોવૈજ્ઞાનિકો અધ્યયન અને અધ્યાપન ના ક્ષેત્રના તજજ્ઞો છે. તેઓ તાલીમ પામેલા શિક્ષકોને તેમજ શિક્ષણ સાથે સંકળાયેલા અન્ય વ્યાવસાયિકોને મદદ કરે છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનથી માનવીય પક્ષનો મહત્વપૂર્ણ માનીને શીખવાની અને શીખવાડવાથી પ્રક્રિયા સંપન્ન કરવામાં આવે છે.

"શિક્ષણ, વ્યક્તિકરણ અને સામાજિકરણની એવી પ્રક્રિયા છે, જે વ્યક્તિની વ્યક્તિગત ઉન્નતિ અને સમાજોપયોગિતાને પ્રોત્સાહન આપે છે."

- કો અને કો

"શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની એ શાખા છે. જે શીખવા અને શિખવાડવાની પ્રક્રિયાનો અભ્યાસ કરે છે."

- સ્કિનર

શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવિજ્ઞાનની વ્યાવહારિક શાખા છે. તે શૈક્ષણિક મનોવિજ્ઞાન, મનોવૈજ્ઞાનિક નિયમો, સિદ્ધાંતો અને તથ્યોનો ઉપયોગ શિક્ષણના ક્ષેત્રમાં કરીને બાળકો અને યુવકોના સર્વાંગીણ વિકાસમાં મદદ કરે છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વિવિધ વૈજ્ઞાનિક પદ્ધતિઓથી માહિતી એકત્ર કરવામાં આવે છે તેની જ અભ્યાસ પદ્ધતિઓ છે. તે શિક્ષકને વિદ્યાર્થી સમજવામાં મદદ, શૈક્ષણિક સમસ્યાઓ ઉકેલવા વગેરેમાં મદદરૂપ થાય છે.

## મુલાકાત પદ્ધતિ [Interview Method]

મુલાકાત પદ્ધતિ એ શૈક્ષણિક મનોવિજ્ઞાનની એવી પદ્ધતિ છે જેમાં સંશોધક અને વ્યક્તિ વચ્ચે રૂબરૂ વાતચીત કરીને માહિતી મેળવવામાં આવે છે. પ્રશ્ન પૂછીને વાતચીત કરીને વ્યક્તિના વિચાર, લાગણી, સમસ્યા અને અનુભવ જાણવાની પદ્ધતિ એટલે મુલાકાત પદ્ધતિ.

"મુલાકાત એ વ્યક્તિ સાથેનો સુવ્યવસ્થિત સંવાદ છે, જેના દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે."

- પી. વી. યંગ

"રૂબરૂ વાતચીત દ્વારા વિદ્યાર્થીની માનસિક, સામાજિક અને શૈક્ષણિક માહિતી મેળવવાની પદ્ધતિ એટલે મુલાકાત પદ્ધતિ."

- ગુડ અને હૂટ

## મુલાકાત પદ્ધતિના પ્રકાર [Types of Interview Method]

1. બંધબેસતી મુલાકાત પદ્ધતિ
2. અબંધબેસતી મુલાકાત પદ્ધતિ
3. અર્ધબંધબેસતી મુલાકાત પદ્ધતિ
4. વ્યક્તિગત મુલાકાત પદ્ધતિ
5. સમૂહ મુલાકાત
6. ટેલિફોન / ઓનલાઇન મુલાકાત

મુલાકાત પદ્ધતિના મુખ્યત્વે 3 પ્રકાર છે. બંધબેસતી મુલાકાત અને અબંધબેસતી તેમજ અર્ધબંધબેસ આ ઉપરાંત અન્ય મુલાકાત પદ્ધતિના પ્રકાર ગૌણ છે

મુલાકાત પદ્ધતિ શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વ્યક્તિગત સમસ્યા, લાગણી અને વર્તન સમજવા માટે અત્યંત અસરકારક છે. તેમજ મુખ્યત્વે માર્ગદર્શન, કેસ સ્ટડી અને કાઉન્સેલિંગમાં તેનું મહત્વ ખૂબ છે.

1. બંધાબેસતી મુલાકાત પદ્ધતિ [ Structured Interview ]

બંધાબેસતી મુલાકાત પદ્ધતિ એ એવી મુલાકાત પદ્ધતિ છે જેમાં પ્રશ્નો પહેલેથી તૈયાર, નિશ્ચિત, એકસરખા અને નક્કી કરેલા ક્રમમાં પૂછવામાં આવે છે.

"જ્યારે મુલાકાતમાં બધા પ્રશ્નો પહેલેથી જ નક્કી કરવામાં આવે અને તે જ ક્રમમાં પૂછવામાં આવે તેને બંધાબેસતી મુલાકાત કહે છે."

- ગુડ અને હટ્ટ

"પ્રશ્નાવલી જેવી રચનાવાળી, નિયંત્રિત અને સુવ્યવસ્થિત મુલાકાત પદ્ધતિ એટલે બંધાબેસતી મુલાકાત."

- પી. વી. યંગ

બંધાબેસતી મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. પ્રશ્નો પહેલેથી તૈયાર
2. બધા જવાબદારો માટે એકસરખા પ્રશ્નો
3. પ્રશ્નોનો ક્રમ નક્કી
4. સમય નિયંત્રિત
5. મુલાકાતકર્તા ઓછું બોલે
6. પ્રશ્નાવલી જેવી રચના

મુલાકાત પદ્ધતિમાં પ્રશ્નાવલિ પદ્ધતિની જેમ પ્રશ્નો પૂછવામાં આવે છે. મુલાકાતમાં પૂછવામાં આવેલા પ્રશ્નોના શબ્દો અને તેનો ક્રમ પહેલેથી જ નક્કી કરી દીધા છે. આવા પ્રકારની મુલાકાતને બંધાબેસતી મુલાકાત Structured Interview કહે છે. કેટલાક તેને પ્રમાણિત મુલાકાત કહે છે. આ મુલાકાતનો હેતુ એ છે કે ઉત્તરદાતાને પૂછવામાં આવેલા પ્રશ્નોને સમાન રીતે સમજે તે છે. આથી ઉત્તરદાતાના જવાબોની તુલના સરળતાથી કરી શકાય છે.

ઉ.દા.: શાળા દ્વારા તમામ વિદ્યાર્થીઓને એકસરખા પ્રશ્નો પૂછવા:

1. "તમે રોજ કેટલા કલાક અભ્યાસ કરો છો ?"
2. "તમારો મનપસંદ વિષય કેટલો છે ?"

## બંધબેસતી મુલાકાત પદ્ધતિના લાભ :

1. નિષ્પક્ષતા વધુ જોવા મળે છે.
2. જવાબોની સરખામણી સરળ અને સુવ્યવસ્થિત છે.
3. આંકડાકીય વિશ્લેષણ શક્ય બને છે
4. સમયની બચત થાય છે.
5. મોટા સમૂહો માટે ઉપયોગી છે.
6. વિશ્વસનીયતા વધારે જોવા મળે છે

## બંધબેસતી મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

1. તેમાં લવચીકતા જોવા નથી મળતી.
2. ભાવનાત્મક માહિતી ઓછી મળે છે.
3. ઊંડાણપૂર્વક માહિતી નથી મળતી.
4. વ્યક્તિગત સમસ્યા ખુલ્લી નથી આવતી.

Digram :




2. અબંધબેસતી મુલાકાત પદ્ધતિ [Semi Structured Interview Method]

અબંધબેસતી એટલે જેમાં કોઈ નક્કી બંધારણ ન હોય જે મુલાકાત પદ્ધતિમાં પ્રશ્નો પહેલેથી નક્કી ન હોય અને વાતચીત સ્વતંત્ર રીતે પરિસ્થિતિ મુજબ આગળ વધે તેને <u>અબંધબેસતી</u> મુલાકાત <u>પદ્ધતિ</u> કહેવામાં આવે છે.

Desai Tamanna S. T.S. Desai

"જે મુલાકાતમાં પ્રશ્નો પૂર્વનિર્ધારિત ન હોય અને વાતચીત સ્વતંત્ર રીતે આગળ વધે, તે અબંધાબેસતી મુલાકાત કહેવાય."

- પી. વી. યંગ

"વ્યક્તિના વિચારો, લાગણીઓ અને અનુભવ જાણવા માટે લેવામાં આવતી મુક્ત વાતચીત આધારિત મુલાકાત એ અબંધાબેસતી મુલાકાત છે."

- ગુડ અને હટ્ટ

આ પદ્ધતિમાં મુલાકાતકર્તા કોઈ કડક પ્રશ્નાવલી સાથે બંધાયેલો નથી. વ્યક્તિને ખુલ્લેમાં બોલવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવે છે. પ્રશ્નો વાતચીત દરમ્યાન સ્વાભાવિક રીતે ઉત્પન્ન થાય છે. વ્યક્તિના ભાવનાત્મક, માનસિક અને વ્યક્તિગત પાસા વધુ સારી રીતે બહાર આવે છે. અનૌપચારિક મુલાકાતમાં કોઈપણ પ્રકારનું પૂર્વઆયોજન હોતું નથી અને પ્રશ્નો પૂછવામાં પણ સ્વતંત્રતા હોય છે. અહીં મુલાકાતના માર્ગદર્શક મુદ્દાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

## અબંધાબેસતી મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. પ્રશ્નો પહેલેથી નક્કી નથી હોતા.
2. વાતચીત સ્વતંત્ર અને લવચીક હોય છે.
3. ભાવનાઓ અને લાગણીઓ પર ભાર મૂકે છે.
4. ઊંડાણપૂર્વક માહિતી મળે છે.
5. અનૌપચારિક વાતાવરણ જોવા મળે છે.
6. મુલાકાતી વધુ બોલે છે.
7. કાઉન્સેલિંગ માટે યોગ્ય છે.

ઉદા: એક વિદ્યાર્થી અભ્યાસમાં રસ નથી લેતો શિક્ષક તેને પૂછે છે

1. "તને અભ્યાસમાં શું મુશ્કેલી પડે છે?"
2. "તું શાળામાં કેમ અણગમો અનુભવે છે?"

અહીં કોઈ નક્કી પ્રશ્નો નથી, વાતચીત સ્વતંત્ર છે આ અબંધાબેસતી મુલાકાત છે.

Gusai Tamanna T.S. Gusai

## અબંધબેસતી મુલાકાત પદ્ધતિના લાભ :

1. વ્યક્તિ પોતાની સમસ્યા ખુલ્લે (મુક્તપણે) વ્યક્ત કરે છે.
2. ભાવનાત્મક અને માનસિક પાસા સમજાય છે.
3. વ્યક્તિના સાચા વિચારો જાણવા મળે છે.
4. વ્યક્તિ અને મુલાકાતકર્તા વચ્ચે વિશ્વાસ ઊભો થાય છે.
5. નિદાન અને ઉપચાર માટે ઉપયોગી બને છે.

## અબંધબેસતી મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

1. સમય અને શક્તિનો વધુ ખર્ચ થાય છે.
2. આ પદ્ધતિથી વિશ્લેષણ જટિલ બને છે
3. મુલાકાતકર્તાની કુશળતા હોવી જરૂરી બને છે.
4. પક્ષપાતની શક્યતા જોવા મળે છે.
5. મોટા સમૂહ માટે યોગ્ય નથી.

## 3. અર્ધ-બંધબેસતી મુલાકાત પદ્ધતિ [Semi structured Interview Method]

આ પ્રકારમાં થોડા પ્રશ્નો નક્કી અને થોડા પ્રશ્નો વાતચીત પ્રમાણે પૂછવામાં આવે છે. પરિસ્થિતિ અનુસાર નવા પ્રશ્નો પૂછવાની છૂટ હોય તેને અર્ધબંધબેસતી મુલાકાત પદ્ધતિ કહે છે. આ પદ્ધતિ બંધબેસતી + અબંધબેસતી બંનેનું સંયોજન છે.

"જે મુલાકાતમાં કેટલીક પૂર્વનિર્ધારિત પ્રશ્નાવલી હોય અને સાથે જ સ્વતંત્ર વાતચીતની પણ છૂટ આપવામાં આવે, તેને અર્ધબંધબેસતી મુલાકાત કહે છે."

- પી.વી. યંગ

"જ્યારે મુલાકાતમાં કેટલીક પ્રશ્નો પૂર્વનિર્ધારિત હોય અને જવાબદારોના પ્રતિભાવ અનુસાર નવા પ્રશ્નો પૂછવામાં આવે, ત્યારે તેવી મુલાકાતને અર્ધબંધબેસતી મુલાકાત કહેવામાં આવે છે."

- ગુડ અને હટ્ટ

મુલાકાતકર્તા પાસે માર્ગદર્શક પ્રશ્નોની યાદી છે. વાતચીત દરમ્યાન જવાબ મુજબ નવા પ્રશ્નો ઉમેરાય છે. જરૂરી નિયંત્રણ પણ રહે છે અને લવચીકતા પણ જોવા મળે છે. તેમાં તેની માહિતી તુલનાત્મક તેમજ ઊંડાણપૂર્વક જોવા મળે છે.

ઉદા: શિક્ષક પાસે પહેલેથી પ્રશ્નો :

1. "તને કયો વિષય મુશ્કેલ લાગે છે ?"
2. "ઘરે અભ્યાસ માટે કેટલો સમય મળે છે ?"

વિદ્યાર્થી જવાબ આપે પછી શિક્ષક પૂછે :

1. "ઘરના વાતાવરણનો અભ્યાસ પર શું પ્રભાવ પડે છે ?"

## અર્ધબંધારણીય મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. આ પદ્ધતિમાં થોડા પ્રશ્નો પૂર્વનિર્ધારિત હોય છે.
2. મુલાકાતી સાથે વાતચીત કરવામાં લવચીકતા જોવા મળે છે.
3. આ પદ્ધતિમાં નિયંત્રણ અને સ્વતંત્રતા બંને જોવા મળે છે.
4. તેમાં માહિતી ઊંડાણપૂર્વક માહિતી પ્રાપ્ત થાય છે.
5. તેમાં વિશ્વસનીયતા વધુ જોવા મળે છે.
6. આ પદ્ધતિમાં તુલના શક્ય થઇ શકે છે.

## અર્ધબંધારણીય મુલાકાત પદ્ધતિના લાભ :

1. આ પદ્ધતિમાં સંતુલિત માહિતી મળે છે.
2. આ પદ્ધતિથી વ્યક્તિગત લાગણીઓ સમજાય છે.
3. માર્ગદર્શન માટે ઉત્તમ પદ્ધતિ છે.
4. આ પદ્ધતિથી કોઇપણ પ્રકારની ગેરસમજ તરત દૂર થાય છે.
5. આ પદ્ધતિમાં સંશોધનમાં ઉપયોગી બને છે.

Gusai Tamanna T.S. Gusai

## અર્ધબંધ બેસતી મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

1. આ પદ્ધતિ માટે કુશળ મુલાકાતકર્તા જરૂરી બને છે.
2. આ પદ્ધતિથી વિશ્લેષણમાં જટિલતા જોવા મળે છે.
3. આ પદ્ધતિમાં પક્ષપાતની શક્યતા વધુ જોવા મળે છે.
4. મુલાકાતકર્તા સંપૂર્ણ નિયંત્રણ રાખી શકતો નથી.
5. બધા વિષયોને સમાન પ્રશ્નો ન પૂછતા, ડેટામાં ફરક પડે છે.

## 4. વ્યક્તિગત મુલાકાત પદ્ધતિ [ Individual Interview Method ]

વ્યક્તિગત મુલાકાત પદ્ધતિ એ એવી મુલાકાત પદ્ધતિ છે જેમાં એક મુલાકાતકર્તા અને એક જ વ્યક્તિ વચ્ચે રૂબરૂ વાતચીત કરીને માહિતી મેળવવામાં આવે છે.

"જ્યારે એક વ્યક્તિ સાથે અલગથી અને સીધી મુલાકાત લઈને માહિતી મેળવવામાં આવે, તેને વ્યક્તિગત મુલાકાત કહે છે."

પી. વી. યંગ

"એક જવાબદાર સાથે રૂબરૂ વાતચીત કરીને વિગતવાર માહિતી મેળવવાની પદ્ધતિ એટલે વ્યક્તિગત મુલાકાત પદ્ધતિ."

ગુડ અને હટ્ટ

વ્યક્તિગત મુલાકાત પદ્ધતિમાં એક જ વ્યક્તિ સાથે વાતચીત થતી હોવાથી વિશ્વાસપૂર્ણ વાતાવરણ બને છે. વ્યક્તિ પોતાની લાગણીઓ વિચાર અને સમસ્યાઓ ખુલ્લેઆમ [ મુક્તપણે ] વ્યક્ત કરે છે.

મુલાકાતકર્તા પ્રશ્નો વ્યક્તિ મુજબ બદલી શકે છે. ખાસ કરીને કાઉન્સેલિંગ, માર્ગદર્શન અને કેસ સ્ટડીમાં ઉપયોગી છે.

**ઉદા:** એક વિદ્યાર્થી પરીક્ષાભયથી પીડાય છે. શિક્ષક તેને અલગથી બેસાડી પૂછે છે:

"તને પરીક્ષામાં સૌથી વધુ શું ડરાવે છે?" આ વ્યક્તિગત મુલાકાત પદ્ધતિનું ઉદાહરણ છે.

## વ્યક્તિગત મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. આ પદ્ધતિમાં એક મુલાકાતકર્તા અને એક વ્યક્તિ હોય છે.
2. આ પદ્ધતિમાં રૂબરૂ અને સીધી વાતચીત હોય છે.
3. તેમાં વિશ્વાસપૂર્ણ વાતાવરણ જોવા મળે છે.
4. લવચીક પ્રશ્નો હોય છે તે મુલાકાતી માટે સરળ હોય છે.
5. આ પદ્ધતિમાં ઊંડાણપૂર્વક માહિતી જોવા મળે છે.
6. તેમાં ભાવનાત્મક પાસાં સ્પષ્ટ થાય છે.

## વ્યક્તિગત મુલાકાત પદ્ધતિના લાભ :

1. આ પદ્ધતિમાં વ્યક્તિ મુક્તપણે બોલી શકે છે.
2. આ પદ્ધતિમાં સાચી અને ઊંડાણપૂર્વક માહિતી મળે છે.
3. વ્યક્તિગત સમસ્યા સમજવામાં સરળતા રહે છે.
4. માર્ગદર્શન અને ઉપચાર માટે ઉપયોગી બની રહે છે.
5. આ પદ્ધતિમાં વિશ્વાસપૂર્ણ વાતાવરણ સર્જાય છે.
6. વ્યક્તિની તેની ગુપ્તતા જળવાઈ રહે છે.
7. વ્યક્તિની વિશ્વસનીય માહિતી મળવાની શક્યતા વધુ જોવા મળે છે.

## વ્યક્તિગત મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

1. આ પદ્ધતિમાં સમય ખૂબ વધારે લાગે છે.
2. આ પદ્ધતિમાં મોટા સમૂહ માટે અયોગ્ય પદ્ધતિ છે.
3. વ્યક્તિની મુલાકાત લેવામાં નોંધ લેવી મુશ્કેલ બને છે.
4. વ્યક્તિગત લાગણીઓ અને પક્ષપાતની શક્યતા વધુ જોવા મળે છે.
5. મુલાકાતકર્તાની કુશળતા પર આધાર હોય છે.
6. વ્યક્તિ તેની માહિતી આપવામાં સંકોચ અનુભવી શકે છે.
7. વ્યક્તિની વિશ્લેષણમાં મુશ્કેલી જોવા મળે છે.

## 5. સમૂહ / જૂથ મુલાકાત પદ્ધતિ [Group Interview Method]

સમૂહ મુલાકાત પદ્ધતિ એ એવી મુલાકાત પદ્ધતિ છે જેમાં એક સાથે બે અથવા વધુ વ્યક્તિઓ સાથે રૂબરૂ વાતચીત કરીને માહિતી મેળવવામાં આવે છે.

"જ્યારે એક સાથે અનેક વ્યક્તિઓ સાથે મુલાકાત લઇને માહિતી એકત્ર કરવામાં આવે, તેને સમૂહ મુલાકાત કહે છે."

— પી. વી. યંગ

"એક કરતાં વધુ જવાબદારો સાથે સમૂહરૂપે લેવાતી મુલાકાત એ સમૂહ મુલાકાત પદ્ધતિ છે."

— ગુડ અને હટ્ટ

સમૂહ મુલાકાત પદ્ધતિમાં એક મુલાકાતકર્તા સમૂહ સાથે ચર્ચા કરે છે. સભ્યો એકબીજાના વિચારો સાંભળીને પોતાના વિચારો વ્યક્ત કરે છે. સમૂહ ગતિશીલતા Group Dynamics માહિતી બહાર લાવે છે. ઓછા સમયમાં વધુ વ્યક્તિઓ પાસેથી માહિતી મળે છે.

ઉદા: શિક્ષક 6 - 8 વિદ્યાર્થીઓને બેસાડી પૂછે :

"તમને ઓનલાઇન શિક્ષણમાં કઇ મુશ્કેલી આવે છે ?" આમ. વિદ્યાર્થીઓ ચર્ચા કરે છે. આ સમૂહ મુલાકાત પદ્ધતિ છે.

### સમૂહ / જૂથ મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. આ પદ્ધતિમાં એક સાથે અનેક વ્યક્તિઓ જોવા મળે છે.
2. આ પદ્ધતિમાં સમય અને શક્તિની બચત થાય છે.
3. આ પદ્ધતિમાં વ્યક્તિઓના વિચારોનું આપ-લે થઇ શકે છે.
4. વ્યક્તિઓ ચર્ચા આધારિત મુલાકાત લે છે.

## સમૂહ / જૂથ મુલાકાત પદ્ધતિના લાભ :

1. આ પદ્ધતિમાં ઓછા સમયમાં વધુ માહિતી મળે છે.
2. આ પદ્ધતિથી સમય અને શક્તિની બચત થાય છે.
3. વ્યક્તિઓને પોતાની સમસ્યાને વિવિધ દૃષ્ટિકોણ મળે છે.
4. આ પદ્ધતિથી વ્યક્તિ અને સમૂહ ગતિશીલતા સમજાય છે.
5. આ પદ્ધતિથી સામુહિક સમસ્યાઓ સમજવામાં મદદરૂપ થાય છે.

## સમૂહ / જૂથ મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

1. આ પદ્ધતિમાં પ્રભાવશાળી વ્યક્તિઓ ચર્ચા / વિચારો પોતાની તરફ અને દબાઈ જાય છે.
2. વ્યક્તિની પોતાની ગોપનીયતા જળવાઈ શકતી નથી.
3. આ પદ્ધતિમાં માહિતી ઊંડાણપૂર્વક મળતી નથી.
4. આ પદ્ધતિમાં મુલાકાતકર્તા કુશળ હોવું જરૂરી છે.
5. આ પદ્ધતિમાં વ્યક્તિની વ્યક્તિગત સમસ્યાઓ બહાર આવતી નથી.

## 6. ટેલિફોન / ઓનલાઇન મુલાકાત પદ્ધતિ [ Telephone or online Interview Method ]

જે મુલાકાત પદ્ધતિમાં રૂબરૂ હાજર રહ્યા વગર ટેલિફોન, વિડીયો કોલ, zoom, google meet અથવા ઇન્ટરનેટ ના માધ્યમ દ્વારા વ્યક્તિ સાથે વાતચીત કરીને માહિતી મેળવવામાં આવે છે તેને ટેલિફોન અથવા ઓનલાઇન મુલાકાત પદ્ધતિ કહે છે.

"જ્યારે ભૌતિક હાજરી વગર, સંચાર સાધનો દ્વારા વ્યક્તિ સાથે મુલાકાત લેવાય, તેને ટેલિફોનિક મુલાકાત કહે છે."

– પી. વી. યંગ

"આધુનિક સંચાર માધ્યમો દ્વારા લેવાતી મુલાકાત એ ટેલિફોન / ઓનલાઇન મુલાકાત પદ્ધતિ કહે છે."

— ગુડ અને હટ

આ ટેલિફોન અથવા ઓનલાઇન મુલાકાત પદ્ધતિમાં મુલાકાતકર્તા અને વિષય દૂર સ્થાને હોઈ શકે છે ત્યારે કોઈપણ મુશ્કેલી કે સમસ્યાને આ પદ્ધતિથી સરળ બની જાય છે તેને સંવાદ ને ફોન અથવા ઇન્ટરનેટ દ્વારા થાય છે તેમાં શારીરિક હાજરી જરૂરી નથી અને તેમાં સમય અને અંતરનો અવરોધ દૂર થાય છે.

આધુનિક સમયમાં ખાસ કરીને covid-19 પછી શૈક્ષણિક મનોવિજ્ઞાન, સંશોધન અને કાઉન્સેલિંગમાં તેનો વ્યાપક ઉપયોગ થયો છે.

ઉદા: શાળા કાઉન્સેલર વિદ્યાર્થી સાથે વિડીયો કોલ દ્વારા વાતચીત કરે છે. તેમજ સંશોધક ફોન પર શિક્ષકનો અભિપ્રાય લે છે.

## ટેલિફોન / ઓનલાઇન મુલાકાત પદ્ધતિના લક્ષણો :

1. આ પદ્ધતિમાં રૂબરૂ મુલાકાત થઇ શકે છે. [ટેલિફોન દ્વારા]
2. આ પદ્ધતિ ફોન / ઇન્ટરનેટ પર આધારિત છે.
3. આ પદ્ધતિ ઝડપી અને સરળ સંવાદ જોવા મળે છે.
4. આ પદ્ધતિથી સમયની બચત થઇ શકે છે.
5. આ પદ્ધતિમાં ટેકનોલોજી પર આધારિત છે.
6. આ પદ્ધતિ દૂરના વિસ્તારો માટે ખૂબ ઉપયોગી બને છે

## ટેલિફોન / ઓનલાઇન મુલાકાત પદ્ધતિના લાભ :

1. આ પદ્ધતિમાં સમય અને શક્તિની બચત થાય છે.
2. વ્યક્તિની અંતર / દૂર હોવાની સમસ્યા દૂર થાય છે.
3. વ્યક્તિની કોઈ આપાત્ત સમયે ઉપયોગી બને છે.
4. આ પદ્ધતિ વધુ લોકો સુધી પહોંચી શકે છે
5. આ પદ્ધતિથી વ્યક્તિની તાત્કાલિક માહિતી મળે છે

Gusai Tamanna T.S. Gusai

## ટેલિફોન / ઓનલાઈન મુલાકાત પદ્ધતિના ગેરલાભ :

વ્યક્તિની ભાવનાઓ અને હાવભાવ સ્પષ્ટ નહીં જોવા મળતા.
આ પદ્ધતિમાં ઈન્ટરનેટ / નેટવર્ક સમસ્યા જોવા મળે છે.
વ્યક્તિને ટેકનોલોજી નું જ્ઞાન હોવું જરૂરી છે.
આ પદ્ધતિમાં વિશ્વસનીયતા ઓછી લાગી શકે છે.
વ્યક્તિની ગોપનીયતા જોખમમાં મુકાય છે.

## એક સફળ મુલાકાત માટે આવશ્યક પરિસ્થિતિ :

1. સુલભતા :

શૈક્ષણિક મુલાકાત માટે બાળકો સરળ પ્રશ્નો સ્વરૂપ એવું હોવું જોઈએ બાળક સરળ જવાબ આપી શકે.

2. સંજ્ઞાન :

બાળકને સંપૂર્ણપણે જાણકારી હોવી જોઈએ કયા પ્રશ્નો પૂછવા. અથવા કયા સંદર્ભમાં પૂછવા જોઈએ.

3. પ્રેરણા :

મુલાકાતની સફળતા માટે બાળકને જવાબ આપવા માટે પ્રેરિત કરવા જોઈએ.

## ઉપસંહાર [ conclusion ] :

મુલાકાત પદ્ધતિ માનસિક અભ્યાસમાં વ્યક્તિને સીધા સમજવાની સૌથી અસરકારક પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા વ્યક્તિના વિચારો, ભાવનાઓ અને વર્તનની સારી માહિતી પ્રાપ્ત થાય છે. જો મુલાકાત યોગ્ય આયોજન કુશળતા અને નિષ્પક્ષતા સાથે લેવામાં આવે, તો તે નિદાન, માર્ગદર્શન અને સંશોધન માટે વિશ્વસનીય આધાર પૂરો પાડે છે. તેથી મુલાકાત પદ્ધતિ સંશોધનમાં અનિવાર્ય અને ઉપયોગી પદ્ધતિ છે.

Gusai Tamanna. T.S Gusai

## પ્રશ્નાવલી પદ્ધતિ [Questionnaire Method]

પ્રશ્નાવલી આજના યુગનું સૌથી વધુ સામાન્ય અને પ્રચલિત સંશોધન સાધન છે. ભાગ્યે જ એવો માણસ મળશે જેના જીવનમાં સર્વેક્ષણનું આગમન ન થયું હોય. પ્રશ્નાવલિ સૌથી પહેલાં ચાર્લ્સ ડાર્વિન તેના પિતરાઇ ભાઇ ફ્રાન્સિસ ગાલ્ટન દ્વારા ઉપયોગમાં લેવાઈ. ત્યારબાદ અમેરિકન મનોવૈજ્ઞાનિક જી. સ્ટેનલી હોલે તેને લોકપ્રિય બનાવી હતી. સર્વેક્ષણનું ખુબ જ મહત્વનું સાધન પ્રશ્નાવલિ છે.

પ્રશ્નાવલિ પદ્ધતિ એટલે એવી સંશોધન પદ્ધતિ છે જેમાં સંશોધક વ્યક્તિ પાસેથી માહિતી મેળવવા માટે લેખિત પ્રશ્નોની યાદી આપે છે અને જવાબદાર વ્યક્તિ તે પ્રશ્નોના જવાબ લખીને આપે છે.

"પ્રશ્નાવલિ પ્રશ્નોના જવાબની એવી પ્રયુક્તિ છે જેમાં ઉત્તરદાતા પોતાની જાતે જ પ્રશ્નોના જવાબ આપે છે

- ગુડ અને હટ્ટ

"પ્રશ્નાવલિ એ એવી પદ્ધતિ છે જેમાં વ્યક્તિના વિચારો, ભાવનાઓ, વલણો અને અભિપ્રાયો વિશે માહિતી મેળવવા માટે લેખિત પ્રશ્નો આપવામાં આવે છે.

- વુડવર્થ

" પ્રશ્નાવલિ એ માહિતી એકત્ર કરવાની પદ્ધતિ છે જેમાં લોકો પાસેથી પ્રશ્નોના જવાબો લેખિત રૂપે મેળવવામાં આવે છે."

- ક્રેસવેલ

"પ્રશ્નાવલિ એટલે પૂર્વનિર્ધારિત પ્રશ્નોની એવી યાદી, જે વ્યક્તિઓને આપવામાં આવે છે અને તેઓ તેના જવાબો લેખિત સ્વરૂપે આપે છે."

- બોગાર્ડસ

## પ્રશ્નાવલિ પદ્ધતિના પ્રકાર [ Types of questionnaire Method ]

1. બંધ પ્રકારની પ્રશ્નાવલિ
2. મુક્ત પ્રકારની પ્રશ્નાવલિ
3. મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિ
4. સંરચિત પ્રશ્નાવલિ
5. અસંરચિત પ્રશ્નાવલિ
6. ઓનલાઇન પ્રશ્નાવલિ
7. ટપાલ દ્વારા પ્રશ્નાવલિ
8. Scale આધારિત પ્રશ્નાવલિ

### 1. બંધ પ્રકારની પ્રશ્નાવલિ [ closed questionnaire ]

બંધ પ્રકારની પ્રશ્નાવલિ પદ્ધતિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં જવાબદારોને તૈયાર વિકલ્પોમાંથી જ જવાબ પસંદ કરવો પડે છે.

"જે પ્રશ્નાવલિમાં જવાબો પૂર્વનિર્ધારિત વિકલ્પોમાં મર્યાદિત રાખવામાં આવે છે, તેને બંધ પ્રકારની પ્રશ્નાવલિ કહે છે."

બંધ પ્રકારની પ્રશ્નાવલીમાં પ્રશ્નો આ રીતે બનાવવામાં આવે છે. કે જવાબદારને હા / ના ; બહુવિધ વિકલ્પ માંથી કોઈ એક પસંદ કરવો પડે છે. જેમાં દરેક પ્રશ્ન માટે જવાબોના વિકલ્પો પહેલેથી નક્કી કરેલા હોય છે, જવાબદારને પોતાના શબ્દોમાં જવાબ લખવાની જરૂર નથી. પરંતુ આપેલ વિકલ્પોમાંથી જ એક અથવા વધુ યોગ્ય વિકલ્પ પસંદ કરવા પડે છે.

આ પદ્ધતિમાં સંશોધકે જવાબો સરખાવવા. ગણતરી કરવા અને વિશ્લેષણ કરવા સરળ પડે છે.

ઉ.દા: 1. શું તમને મનોવિજ્ઞાન વિષય ગમે છે ?
☐ હા / ☐ ના

2. તમે રોજ કેટલા કલાક અભ્યાસ કરો છો ?
☐ 1-2 કલાક ☐ 3-4 કલાક ☐ 5 કલાકથી વધુ

Gusai Tamanna T. S Gusai

બંધ પ્રકારની પ્રશ્નાવલિના લાભ :

1. મોટી સંખ્યામાં માહિતી ઝડપથી મળે છે.
2. દરેક જવાબોનું વિશ્લેષણ સરળ બને છે.
3. સમય અને ખર્ચ ઓછો થાય છે.
4. આંકડાકીય અભ્યાસ માટે યોગ્ય છે.

બંધ પ્રકારની પ્રશ્નાવલિના ગેરલાભ :

1. જવાબદારોની સાચી ભાવનાઓ જાણવા મુશ્કેલ બને છે.
2. વિગતવાર માહિતી મળતી નથી.
3. ખોટા વિકલ્પ પસંદ થવાની શક્યતા રહે છે.
4. જવાબ પર મર્યાદા જોવા મળે છે.

2. મુક્ત પ્રકારની પ્રશ્નાવલિ [Open Type Questionnaire]

મુક્ત પ્રકારની પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં જવાબદારોને પોતાના શબ્દોમાં, સ્વતંત્ર રીતે જવાબ લખવાની સંપૂર્ણ છૂટ હોય છે.

" જે પ્રશ્નાવલિમાં જવાબદારોને પોતાના વિચારો, લાગણીઓ અને અનુભવો પોતાના શબ્દોમાં વ્યક્ત કરવાની છૂટ આપવામાં આવે છે, તેને મુક્ત પ્રકારની પ્રશ્નાવલિ કહે છે

મુક્ત પ્રકારની પ્રશ્નાવલિમાં પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલિનો મુખ્ય હેતુ એ છે કે જવાબદારના / ઉત્તરદાતાના વિચારો, લાગણીઓ, અભિપ્રાયો, અનુભવો વગેરેને વિસ્તારથી જાણવા મળે.

અહીં સંશોધક ઉત્તરદાતાને કોઈ મર્યાદામાં બાંધી શકતો નથી. તેથી જવાબો લાંબા, વિગતવાર અને વ્યક્તિગત હોય છે. આ પ્રકારની પ્રશ્નાવલિ ગુણાત્મક સંશોધન [Qualitative Research] માટે વધારે ઉપયોગી છે.

ઉદા:, 1. તમને અભ્યાસમાં રસ કેમ નથી લાગતો ? કારણો આપો
2. કોરોના પછી વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યમાં શું ફેરફાર આવ્યો છે ?

## મુક્ત પ્રકારની પ્રશ્નાવલિના લાભ :

1. ઉત્તરદાતાની સાચી ભાવનાઓ જાણવા મળે છે.
2. ઉત્તરદાતાની ઊંડાણપૂર્વક માહિતી મળે છે.
3. નવા વિચારો અને કારણો જાણવા સહાય મળે છે.
4. કોઈપણ પ્રતિબંધ વગર જવાબ મળી શકે છે.

## મુક્ત પ્રકારની પ્રશ્નાવલિના ગેરલાભ :

1. જવાબોનું વિશ્લેષણ મુશ્કેલ બને છે.
2. સમય અને શક્તિનો ખર્ચ વધારે લાગે છે.
3. દરેક જવાબ અલગ હોવાથી તુલના મુશ્કેલ બને છે.
4. અશિક્ષિત વ્યક્તિ માટે મુશ્કેલ બને છે.

## 3. મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિ [ Mixed Type Questionnaire ]

મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં બંધ પ્રકારના પ્રશ્નો અને મુક્ત પ્રકારના પ્રશ્નો - બંનેનો સમાવેશ કરવામાં આવે છે.

"જે પ્રશ્નાવલિમાં બંધ તથા મુક્ત બંને પ્રકારના પ્રશ્નોનો સંયુક્ત ઉપયોગ કરવામાં આવે છે. તેને મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિ કહે છે."

મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિમાં સંશોધક સંતુલિત માહિતી મેળવવાનો પ્રયત્ન કરે છે. બંધ પ્રશ્નો દ્વારા નિશ્ચયાત્મક, સંખ્યાત્મક, સરખામણીયોગ્ય માહિતી મળે છે. જ્યારે મુક્ત પ્રશ્નો દ્વારા ભાવનાઓ, લાગણીઓ, અભિપ્રાયો, કારણો, અનુભવો વગેરે ને વિસ્તારપૂર્વક જાણવા મળે છે.

મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિ એ એવી પદ્ધતિ છે જેમાં બંધ પ્રકારના પ્રશ્નો [closed questions] અને મુક્ત પ્રકારના પ્રશ્નો [open questions] બંનેના સંયુક્ત અને આયોજનબદ્ધ ઉપયોગ કરવામાં આવે છે આ પદ્ધતિનો મુખ્ય હેતુ એ છે કે સંશોધકને પરિમાણાત્મક [quantitative] તથા ગુણાત્મક [qualitative] બંને પ્રકારની માહિતી એકસાથે મળી રહે છે.

ઉદા: 1. તમે કયા ધોરણમાં અભ્યાસ કરો છો ?

9 ☐ 10 ☐ 11 ☐ 12 ☐

2. શું તમને અભ્યાસમાં રસ લાગે છે ? હા / ના. તેનું કારણ તમારા શબ્દોમાં લખો.

**મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિના લાભ:**

1. માહિતી વધુ સંપૂર્ણ અને સચોટ મળે છે.
2. એક જ અભ્યાસમાં બંને પ્રકારની માહિતી મળે છે.
3. જવાબોની પુષ્ટિ શક્ય બને છે.
4. સંશોધનની વિશ્વસનીયતા વધે છે.
5. ઉત્તરદાતાને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની તક મળે છે.

**મિશ્ર પ્રકારની પ્રશ્નાવલિના ગેરલાભ:**

1. પ્રશ્નાવલિ તૈયાર કરવી મુશ્કેલ બને છે.
2. ઉત્તરદાતાને ભરવામાં વધારે મુશ્કેલ અને સમય લાગે છે.
3. વિશ્લેષણ માટે વિશેષ કુશળતા જરૂરી છે.
4. ખર્ચ અને મહેનત વધારે છે.
5. યોગ્ય આયોજન ન હોય તો માહિતી ગૂંચવાય છે.

## 4. સંરચિત પ્રશ્નાવલિ [structured questionnaire]

સંરચિત પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં બધા પ્રશ્નો પહેલેથી નક્કી કરેલા, ક્રમબદ્ધ અને એકસરખા સ્વરૂપમાં તૈયાર કરેલા હોય છે.

Gusai Tamanna T.S Gusai

"જે પ્રશ્નાવલિમાં પ્રશ્નો પૂર્વનિર્ધારિત, સ્પષ્ટ, ક્રમબદ્ધ અને તમામ જવાબદારો માટે સમાન હોય, તેને સંરચિત પ્રશ્નાવલિ કહે છે."

સંરચિત પ્રશ્નાવલિમાં સંશોધક પહેલાંથી જ તમામ પ્રશ્નો અને જવાબોના સ્વરૂપ નક્કી કરી દે છે. આ પ્રશ્નાવલિમાં કોઈ ફેરફાર કરવાની કે નવા પ્રશ્નો ઉમેરવાની છૂટ નથી.

સંરચિત પ્રશ્નાવલિના મુખ્ય તત્વોમાં પ્રશ્નો સ્પષ્ટ અને ટૂંકા અને પ્રશ્નોની નિશ્ચિત શ્રેણી તેમજ મોટાભાગે બંધ પ્રકારના પ્રશ્નો અને બધા જવાબદારો માટે સમાનતા ના આ કારણે આ પ્રશ્નાવલિમાંથી મળતી માહિતી સરખાવી શકાય તેવી [ comparable ] અને વિશ્વસનીય બને છે.

ઉદા: 1. વિદ્યાર્થીઓની સામાન્ય માહિતી
(i) ઉંમર 14-15 [B] 16-17 [C] 18-19
(ii) લિંગ પુરુષ / સ્ત્રી.

2. વલણ માપતી સંરચિત પ્રશ્નાવલિ "મને અભ્યાસમાં રસ છે."
આમ, આ પ્રશ્નાવલિમાં બધા પ્રશ્નો પહેલેથી નક્કી, ક્રમબદ્ધ એકસરખા સ્વરૂપમાં તૈયાર હોય છે.

## સંરચિત પ્રશ્નાવલિના લાભ :

1. માહિતી સરખાવવી સરળ બને છે.
2. વિશ્લેષણ ઝડપથી થઈ શકે છે.
3. મોટી સંખ્યામાં માહિતી મેળવવી શક્ય બને છે.
4. આંકડાકીય અભ્યાસ માટે યોગ્ય રીતે થાય છે.

## સંરચિત પ્રશ્નાવલિના ગેરલાભ :

1. તેમાં લવચિકતા નથી.
2. ઉત્તરદાતાની આંતરિક લાગણીઓ નથી મળતી.
3. જો પ્રશ્નો ખોટા હોય તો સુધારાની તક નથી.
4. નવા મુદ્દાઓ બહાર આવતા નથી.

Gusai Tamanna T.S Gusai

5. અસંરચિત પ્રશ્નાવલિ [ Unstructured questionnaire ]

અસંરચિત પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં પ્રશ્નો પહેલેથી કડક રીતે નક્કી કરેલા નથી. પ્રશ્નો લવચીક હોય છે અને ઉત્તરદાતાના જવાબ અનુસાર નવા પ્રશ્નો ઉમેરવાની છૂટ રહે છે.

"જે પ્રશ્નાવલિમાં પ્રશ્નો પૂર્વનિર્ધારિત અને ક્રમબદ્ધ ન હોય તથા જવાબોના આધારે ફેરફાર શક્ય હોય. તેને અસંરચિત પ્રશ્નાવલિ કહે છે."

અસંરચિત પ્રશ્નાવલિમાં સંશોધક પાસે ચોક્કસ પ્રશ્નોની લાંબી યાદી નથી હોતી. મોટેભાગે માત્ર વિષય અથવા માર્ગદર્શક પ્રશ્નો હોય છે.

આ પ્રશ્નાવલિમાં પ્રશ્નો ખુલ્લા સ્વરૂપના હોય છે ઉત્તરદાતાના વિચારો અનુસાર પ્રશ્નોની દિશા બદલાય છે. તેમજ ઊંડાણપૂર્વક માહિતી મળે છે. આ પ્રકારની પ્રશ્નાવલિ ગુણાત્મક સંશોધન [ Qualitative Research ] અને case study માટે ખાસ ઉપયોગી છે.

ઉ.દા: 1. તમારી શાળાની સમસ્યાઓ વિશે જણાવો.
2. તણાવ વિશે તમારા વિચારો જણાવો.

અસંરચિત પ્રશ્નાવલિના લાભ :

1. લવચીક અને માનવીય પદ્ધતિ છે.
2. વ્યક્તિગત અનુભવ સમજાય છે.
3. કેસ સ્ટડી માટે યોગ્ય છે.
4. જવાબદારોની સાચી લાગણીઓ જાણવા મળે છે.

અસંરચિત પ્રશ્નાવલિના ગેરલાભ :

1. માહિતીનું વિશ્લેષણ મુશ્કેલ બને છે.
2. સમય વધારે લાગે છે.
3. મોટા નમૂનામાં ઉપયોગ મુશ્કેલ બને છે.
4. સંશોધકનો પક્ષપાત થવાની શક્યતા વધારે છે.

Gusai Tamanna T.S. Gusai

## 6. ઓનલાઈન પ્રશ્નાવલિ [ online questionnaire ]

ઓનલાઈન પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જે ઇન્ટરનેટની મદદથી તૈયાર કરી, વિતરીત કરી અને ભરાવવામાં આવે છે. ઉત્તરદાતા મોબાઇલ, કમ્પ્યુટર અથવા ટેબલેટ, લેપટોપ દ્વારા પ્રશ્નાવલિ ભરે છે.

"ઇન્ટરનેટ આધારિત ટૂલ્સ દ્વારા તૈયાર કરેલી અને ઉત્તરદાતા દ્વારા ડિજિટલ સ્વરૂપે ભરાતી પ્રશ્નાવલિને ઓનલાઈન પ્રશ્નાવલિ કહે છે."

ઓનલાઈન પ્રશ્નાવલિમાં સંશોધક પ્રશ્નો ડિજિટલ ફોર્મમાં તૈયાર કરે છે. તેમજ લિંક દ્વારા લોકોને મોકલે છે. અને જવાબો આપમેળે સંગ્રહિત થાય છે.

આ પ્રશ્નાવલિમાં બંધ, મુક્ત, મિશ્ર, સંરચિત અથવા અસંરચિત કોઈપણ પ્રકારના પ્રશ્નો હોઈ શકે છે. આ પદ્ધતિમાં માહિતી ઝડપી મળે છે તેમજ આપમેળે ટેબ્યુલેટ થાય છે અને સરળતાથી વિશ્લેષણ કરી શકાય છે.

→ ઉદા: શૈક્ષણિક સર્વે : વિદ્યાર્થીની અભ્યાસ પ્રત્યે રુચિ જાણવા માટે Google Form દ્વારા પ્રશ્નાવલિ મોકલવી.

1. તમે કયા ધોરણમાં અભ્યાસ કરો છો ?
2. તમે રોજ કેટલા કલાક અભ્યાસ કરો છો ?

### ઓનલાઈન પ્રશ્નાવલિના લાભ :

1. સમય અને ખર્ચ બચાવે છે.
2. મોટી સંખ્યામાં જવાબદાર સુધી પહોંચે છે.
3. ડેટા આપમેળે સંગ્રહ અને વિશ્લેષણ થાય છે.
4. આ પદ્ધતિમાં ભૂલની શક્યતા ઓછી હોય છે.

### ઓનલાઈન પ્રશ્નાવલિના ગેરલાભ :

1. ઇન્ટરનેટ વગર આ પદ્ધતિ શક્ય નથી.
2. ટેકનોલોજી ન આવડતા લોકો માટે મુશ્કેલ બને છે.
3. પ્રતિસાદ દર ઓછો હોઇ શકે છે.

## 7. ટપાલ દ્વારા પ્રશ્નાવલિ [questionnaire by mail]

ટપાલ દ્વારા પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં પ્રશ્નોની છાપેલી લેખિત નકલ ટપાલ દ્વારા ઉત્તરદાતાને જવાબદારોને મોકલવામાં આવે છે અને તેઓ તેને ભરીને ફરી ટપાલ દ્વારા સંશોધકને મોકલે છે.

જ્યારે પ્રશ્નાવલિ જવાબદારોને / ઉત્તરદાતાને ટપાલ દ્વારા મોકલી અને ભરાવ્યા બાદ ટપાલ દ્વારા જ પાછી મેળવવામાં આવે છે, તેને ટપાલ દ્વારા પ્રશ્નાવલિ કહે છે.

સંશોધક ટપાલ દ્વારા પ્રશ્નાવલિમાં પ્રશ્નાવલિ તૈયાર કરે છે અને તેને છાપે છે તેમજ ટપાલ દ્વારા પસંદ કરાયેલ ઉત્તરદાતાને મોકલે છે. ઉત્તરદાતા પ્રશ્નાવલિ ભરે છે અને ભરીને ટપાલ દ્વારા પાછી મોકલે છે તેમજ સંશોધક જવાબો એકત્ર કરીને વિશ્લેષણ કરે છે.

આ પદ્ધતિ દૂર રહેતા ઉત્તરદાતાઓ પાસે પહોંચવા માટે ખૂબ ઉપયોગી છે. ખાસ કરીને જ્યાં ઇન્ટરનેટ ઉપલબ્ધ ન હોય.

ઉદા: 1. ગ્રામ્ય શિક્ષણ સર્વે: ગ્રામ્ય વિસ્તારના શિક્ષકોની અભ્યાસ પદ્ધતિ અંગે પ્રશ્નાવલિ ટપાલ દ્વારા મોકલવી.

2. સરકારી સંશોધન : સરકારી કર્મચારીઓની કાર્યસંતોષ અંગે પ્રશ્નાવલિ ટપાલથી મોકલવી.

### ટપાલ દ્વારા પ્રશ્નાવલિના લાભ :

1. દૂરના વિસ્તારો સુધી પહોંચાડી શકાય છે.
2. ખર્ચ ઇન્ટરવ્યૂ કરતા ઓછો થાય છે.
3. ગોપનીયતા જળવાય છે.

### ટપાલ દ્વારા પ્રશ્નાવલિના ગેરલાભ :

1. સમય વધુ લાગે છે.
2. અશિક્ષિત માટે મુશ્કેલ બને છે.
3. પ્રતિસાદ દર ઓછો મળે છે.

Desai Tamanna T.S Desai

4. Scale આધારિત પ્રશ્નાવલિ [Scale Based Questionnaire]

સ્કેલ આધારિત પ્રશ્નાવલિ એટલે એવી પ્રશ્નાવલિ જેમાં ઉત્તરદાતાના વલણ, અભિપ્રાય, લાગણીઓ અથવા અનુભવને માપવા માટે વિવિધ સ્કેલ નો ઉપયોગ કરવામાં આવે છે. ઉત્તરદાતા એ આપેલા સ્તરો [Levels] માંથી પોતાનો ઉત્તર પસંદ કરે છે.

" જે પ્રશ્નાવલિમાં વ્યક્તિના વલણ, અભિપ્રાય અથવા લાગણીઓને માપવા માટે સ્કેલનો ઉપયોગ કરવામાં આવે છે, તેને સ્કેલ આધારિત પ્રશ્નાવલિ કહે છે. "

સ્કેલ આધારિત પ્રશ્નાવલિમાં પ્રશ્નો સામાન્ય રીતે વાક્ય સ્વરૂપે statements આપવામાં આવે છે. ઉત્તરદાતાને બતાવે છે કે તે વાક્ય સાથે કેટલો સહમત કે અસહમત છે અથવા તેનો અનુભવ કેટલો પ્રમાણમાં છે.

આ પ્રકારની પ્રશ્નાવલી મુખ્યત્વે મનોવલણ, સંતોષ, આત્મવિશ્વાસ, તણાવ, રુચિ માપવા માટે વપરાય છે.

સ્કેલના પ્રકાર :

Likert scale : સંપૂર્ણ ~~સહમત~~ ⟶ સંપૂર્ણ અસહમત
Rating scale : 1 થી 5 / 1 થી 10

ઉદા : 1. Likert scale : "મને અભ્યાસમાં રસ છે."
i સંપૂર્ણ સહમત
ii સહમત
iii ન સહમત
iv અસહમત

2. Rating scale : તમારા શિક્ષણ પદ્ધતિને 1 થી 5 માં રેટ કરો.
1 = ખૂબ ખરાબ
5 = ખૂબ સારી

Gusai Tamanna T.s Gusai

## Scale આધારિત પ્રશ્નાવલિના લાભ :

1. મનોવલણ માપવા માટે અસરકારક પદ્ધતિ છે.
2. વિશ્લેષણ ખૂબ સરળ બને છે.
3. સરખામણી શક્ય બને છે.
4. વિશ્વસનીય પરિણામ મળે છે.

## Scale આધારિત પ્રશ્નાવલિના ગેરલાભ :

1. પ્રશ્ન રચના મુશ્કેલ બને છે.
2. સાચી લાગણીઓ છુપાઈ શકે છે.
3. સ્કેલ સમજી ન શકાય તો ખોટા જવાબ આપે છે.
4. જવાબદારો મધ્યમ વિકલ્પ પસંદ કરે તેવી શક્યતા રહે છે.

## ઉપસંહાર [ conclusion ] :

આ રીતે કહી શકાય કે પ્રશ્નાવલિ પદ્ધતિ સંશોધન અને માહિતી એકત્ર કરવાની એક મહત્વપૂર્ણ અને વ્યાપક પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા ઓછા સમયમાં અને મોટી સંખ્યામાં જવાબદારો પાસેથી માહિતી મેળવી શકાય છે. યોગ્ય રીતે તૈયાર કરેલી પ્રશ્નાવલિ સંશોધનને વિશ્વસનીય, વ્યવહારુ અને ઉપયોગી પરિણામો સુધી પહોંચાડે છે.